## ૫. ફરિયાદ નં.     અંગે તાત્કાલિક યોગ્ય, ઝડપી તપાસ બાબત.

પ્રતિ,

(૧) સચિવશ્રી ગૃહ વિભાગ
સચિવાલય, ગાંધીનગર.

(૨) પોલીસ કમિશનરશ્રી,

(૩) ડી. એસ.પી. સાહેબશ્રી,

(૪) કલેકટરશ્રી, જિલ્લો,

(૫) અધિક્ષકશ્રી,
ગુજરાત ગૌ સેવા આયોગ,

(૬) પોલીસ ઈન્સ્પેકટરશ્રી,
પોલીસ સ્ટેશન

(૭) પોલીસ સબ ઈન્સ્પેક્ટરશ્રી

(૮) રિજિયોનલ ઓફિસરશ્રી,
આર.ટી.ઓ. ઓફિસ જિલ્લો,

મહેરબાન સાહેબશ્રી,

**વિષય : ફરિયાદ નં. /૦૭ અંગે તાત્કાલિક યોગ્ય, ઝડપી તપાસ બાબત.**

સવિનય જણાવવાનું કે, તા. - - ના રોજ પૂર્વ બાતમીના આધારે આપશ્રીએ એક ટ્રકમાં /ટેમ્પોમાં/ચાલતા લઈ જવાતા......ભેંસ,..........ગાય,............ઘેટાં-બકરાં અને .........ભૂંડ બચાવી આરોપીઓની અટક કરેલ તે બદલ હાર્દિક અભિનંદન. તે અંગે નીચે મુજબની જરૂરી યોગ્ય તપાસ કરવા વિનંતી.

(૧) આરોપીઓ બચાવેલ પશુઓના ખરા માલિકો /વાહનના માલિક ક્યાંના રહેવાસી છે, આખા ગુજરાતના અન્ય જિલ્લાઓમાં આવા ગુનામાં અગાઉ સંડોવાયેલા છે કે કેમ, પકડાયેલ ગાડી ગુજરાતના અન્ય જિલ્લાઓમાં અગાઉ આવા ગુનામાં પકડાયેલી છે કે કેમ તેની તમામ જિલ્લાઓમાંથી તપાસ થવી જોઈએ તે થઈ નથી. કાયદામાં પહેલા ગુના અને બીજા ગુના માટે અલગ સજાની જોગવાઈ હોઈ આવી તપાસ જરૂરી છે.

(૨) જ્યારે આરોપીઓ પકડાયા ત્યારે પ્રાણીઓની ખરીદીના કોઈ કાગળો તેમની પાસે ન્હોતા. પાછળથી ખરીદીની પાવતીઓ રજૂ કરી છે. તે સાચી છે કે ખોટી તેની તપાસ કરવી જરૂરી છે. જો ખોટી હોય તો તેનો અલગ ગુનો દાખલ કરવા વિનંતી.

(૩) કયા કતલખાને લઈ જતા હતા, પશુઓને કોણે કતલ માટે મંગાવેલાં,...........માં તબેલો કોનો હતો, ક્યાં હતો વગેરે તપાસ થઈ નથી.

(૪) સંખ્યાબંધ પ્રાણીઓને એક જ વાહનમાં ખીચોખીચ ભરેલ તેથી તેમના શરીર ઉપર ઉઝરડા પડેલ, આંચળ ઉપર પણ ઉઝરડા પડેલ તો તે જ સમયે વેટરીનરી ડૉક્ટર પાસે તપાસણી ન થઈ તે હવે કરાવવા વિનંતી.

(૫) આરોપીઓએ બિનજામીનપાત્ર ગુનો કરેલ છે. તેમણે ઘણી બધી માહિતી છુપાવી છે. સાચી માહિતીઓ આપી નથી. આરોપીઓ ચાલાક અને રીઢા છે. તેઓ પ્રાણીઓને કતલખાને કતલ કરવાનું ઘણું મોટું નેટવર્ક ચલાવતા હોવાનું સ્પષ્ટ છે. તેથી તેમના પોલીસ રિમાન્ડ માંગી યોગ્ય ઊંડી તપાસ કરવી જરૂરી છે.

(૬) પકડાયેલ વાહન તથા આરોપીઓ અગાઉ ગુનાઓમાં સંડોવાયેલા છે કે નહીં તેની તાત્કાલિક તપાસ કરી તે વિગતો નામ. કોર્ટમાં રજૂ કરવા વિનંતી. કોઈપણ કેસમાં કોઈપણ આરોપી પકડાય ત્યારે પોલીસ અધિકારી વાયરલેસ કરી રાજ્યના તમામ પોલીસ સ્ટેશનમાં આરોપી વિરુદ્ધ કોઈ કેસ છે, તે વોન્ટેડ છે કે કેમ વગેરે બાબતની ખાસ તપાસ કરે છે.

(૭) સામાન્યતઃ દારૂબંધીના કેસમાં માલ મોકલનાર, મંગાવનારને પણ આરોપી બનાવવામાં આવે છે. આ કેસમાં આ સમગ્ર સાંકળની તપાસ કરી ગુનો કરનાર , ગુનો કરવાનો પ્રયત્ન કરનાર, કતલખાનું ચલાવનાર, કાવતરું ઘડનાર, મદદ કરનારા દલાલો તથા માલિકો તમામને આરોપી બનાવી અટક કરવા વિનંતી. જે વ્યક્તિએ આ વાછરડાં મંગાવ્યાં તે કતલ કરનારનાં તમામ સ્થળોની તપાસ કરી કતલનાં હથિયારો પકડવા વિનંતી.

(૮) સરકારશ્રીની સૂચના મુજબ અને ૧૧ મી ગુજરાત વિધાનસભામાં તા. ૨૩-૩-૦૭ ના રોજ માન. મુખ્યમંત્રીશ્રી (ગૃહ) એ કરેલ અધિકૃત જાહેરાત મુજબ આવા કેસોમાં સંડોવાયેલ વાહનનું રજિસ્ટ્રેશન, પરમિટ તથા ડ્રાઈવરનું લાયસન્સ રદ કરવા આર. સી. બુકમાં એન્ટ્રી પડાવી આર.ટી.ઓ. ને તાત્કાલિક જાણ કરવા વિનંતી.

(૯) જપ્ત થયેલ પ્રાણીઓની કસ્ટડી પરત મેળવવા માટે અરજી કરનારે એવું જણાવેલ છે કે, તેઓ પ્રાણીઓનો ઉછેર કરી મોટા થાય ત્યારબાદ ખેતીકામ માટે વેચાણ કરે છે. આ પ્રાણીઓ કોની પાસેથી ક્યારે, કેટલા રૂપિયામાં ખરીદ્યાં અને તેની રસીદો સાચી છે કે ખોટી, પશુઓના વેપાર માટે જરૂરી લાયસન્સ તેમની પાસે છે કે કેમ ? અગાઉ તેમણે આવી પ્રવૃત્તિ ક્યાં અને કેવી રીતે કોની સાથે રહી કરી તે તેની તપાસ કરવા વિનંતી. જો વિગતો ખોટી સાબિત થાય તો ઈ.પી.કો. ની કલમો આજ ગુનામાં દાખલ કરવા નામ. કોર્ટને રિપોર્ટ કરવા વિનંતી.

(૧૦) આપશ્રીએ ગુનો નોંધી પ્રશંસનીય કાર્યવાહી કરી છે. નામ. હાઈકોર્ટે તાજેતરમાં તા. ૨૫-૬-૦૭ ના રોજના સ્પે. ક્રિમિનલ એપ્લિકેશન નં. ૧૪૪૨/૦૭ ના નરોડા મહાજન વિ. ગુજરાત રાજ્ય કેસમાં

જણાવ્યું છે કે પોલીસનું મુખ્ય કાર્ય સત્યની તપાસનું છે. તેથી આ એક અંગે ઉક્ત બાબતોની જરૂરી તપાસ કરી યોગ્ય  કરવા વિનંતી છે.

(૧૧) ગુજરાત રાજ્યની વિધાનસભાના તા. ૩૦ ઓગસ્ટ, ૨૦૦૧ ના રોજ વાહનવ્યવહાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા)ની જાહેરાત મુજબ જિલ્લાનાં તમામ પોલીસ સ્ટેશનમાં પકડાયેલ વાહનોના નંબર જણાવી તેની ઉપર સતત વોચ રાખવાની છે તેથી આ ગુનાની તમામ વિગતો જેવી કે ગુનેગારનાં નામ, વાહનનો નંબર તથા અન્ય જરૂરી વિગતો સમગ્ર રાજ્યનાં તમામ પોલીસ સ્ટેશનમાં વાયરલેસ દ્વારા મોકલી આપવા વિનંતી.

(૧૨) ગુજરાત પ્રિવેશન ઓફ એન્ટીસોશિયલ એક્ટિવિટિઝ એક્ટ ૧૯૮૫ ની કલમ-૩ હેઠળ ગૌવંશની કતલ અંગેના કોઈપણ ગુનેગારને "પાસા" કાયદા હેઠળ અટકાયતમાં મૂકી શકાય છે. હેબીચ્યુઅલનો અર્થ એવો નહીં કે આરોપી સામે એકથી વધુ ગુના નોંધાયેલા હોવા જોઈએ. તેની આવી ગુનાહિત પ્રવૃત્તિનો વ્યાપ જોઈ તે અગાઉ પકડાયેલ છે કે નહીં તે મહત્ત્વનું નથી. અટકાયતી અધિકારીએ નક્કી કરવાનું છે કે આરોપી અનેક પ્રાણીઓની કતલમાં સંડોવાયેલો છે કે પ્રયત્ન કરનાર છે. તેથી ઉપરોક્ત આરોપીની 'પાસા' હેઠળ અટકાયત માટે યોગ્ય દરખાસ્ત કરવા વિનંતી છે.

(૧૩) ૧૧ મી વિધાનસભામાં તા. ૨૭-૭-૨૦૦૭ ના રોજ માન. મુખ્યમંત્રીશ્રી (ગૃહ) એ કરેલ અધિકૃત જાહેરાત મુજબ બે કરતાં વધુ ગુનામાં પકડાયેલ આરોપી સામે તડીપારની કાર્યવાહી કરવાની છે.

(૧૪) ૧૧ મી વિધાનસભામાં તા. ૨૧-૩-૨૦૦૩ ના રોજ માન. મુખ્યમંત્રીશ્રી (ગૃહ) એ કરેલ અધિકૃત જાહેરાત મુજબ ગૌવંશ પ્રાણીઓની ગેરકાયદેસર કતલના હેતુસર પરિવહનના ગુનામાં વાહન ફરીવાર પકડાય ત્યારે કોર્ટમાં બોન્ડ રદ કરવાની કાર્યવાહી કરવાની છે. આમ, ગુનામાં પકડાયેલ વાહન અગાઉ આવા જ ગુનામાં પકડાયેલ હોય તો અગાઉના ગુનામાં રજૂ કરેલ બોન્ડ રદ કરવાની અને વાહન ખાલી કરી ખાલસા કરવા માટે તાત્કાલિક કાર્યવાહી કરવા વિનંતી.

(૧૫) ૧૦ મી વિધાનસભામાં તા. ૩૦ માર્ચ, ૧૯૯૯ ના રોજ માન. મુખ્યમંત્રીશ્રી (ગૃહ) એ કરેલી અધિકૃત જાહેરાત મુજબ પ્રાણીઓ કતલખાનામાં લઈ જતાં પકડાયાં ત્યારે તેની અસરકારક રજૂઆત અદાલતમાં કરવા પોલીસ તંત્રને જરૂરી આદેશો આપવામાં આવ્યા છે. તે મુજબ આ કિસ્સામાં કોર્ટમાં જ્યારે આરોપીની સુનાવણી થાય કે પ્રાણીઓની કસ્ટડીની અરજી થાય કે ટ્રાયલ ચાલે વગેરે તમામ પ્રકારના કેસોમાં સબળ અને અસરકારક  રજૂઆત કદાચ કરે તેવી પણ વિનંતી છે.

(૧૬) ફરિયાદમાં પ્રાણીઓની જે કિંમત દર્શાવી છે તે તદ્દન ખોટી, વધુ પડતી, આધાર પુરાવા વિનાની છે અને આરોપીએ આપેલ મૌખિક વિગતો પ્રમાણેની હોઈ, સાચી કિંમત મેળવવા વિનંતી.

સરકારે પશુ ચિકિત્સકને પકડાયેલ પ્રાણીઓની તાત્કાલિક ડૉક્ટરી તપાસ કરવા યાદી મોકલવા વિનંતી. ઉપરાંત આ પકડાયેલ પ્રાણીઓની નિયમિત સારવાર અંગે દર અઠવાડિયે બે વાર તેમને પ્રાણીઓની મુલાકાત લેવા સૂચના આપવા વિનંતી.

• • •